
# બોરીજ કબીર આશ્રમના વૃદ્ધ સંચાલિકા-શિષ્યા પર હુમલો

ગાંધીનગર, તા. ૩

બોરીજ ગામમાં સ્થિત આશરે ૪૫ વર્ષ જૂના કબીર મહિલા આશ્રમના ૭૦ વર્ષિય વૃદ્ધ સંચાલિકા અને તેમની શિષ્યા પર માથાભારે તત્વોએ આશ્રમની જમીન પચાવી પાડવાના ઈરાદે હુમલો કરતા હુમલાનો ભોગ બનનાર શિષ્યાએ આરોપીઓ વિરૂદ્ધ મુખ્યમંત્રી, જિલ્લા પોલીસ વડા અને સેક્ટર-૨૧ પોલીસમથકમાં અરજી કરી ફરીયાદ કરી છે.

મૂળ હિંમતનગર પાસેના ઈલોલ ગામના રહેવાસી અને હુમલાનો ભોગ બનનાર બચુબેન શંકરજી વણઝારાએ કરેલી ફરિયાદમાં જણાવાયુ છે કે ગાંધીનગર નજીક જૂના બોરીજ ગામે ૪૫ વર્ષ જુનો કબીર મહિલા આશ્રમ આવેલો છે. આ આશ્રમના મહંત શ્રી ભગવાનદાસ ગોસ્વામીનું અંદાજે ૧૮ વર્ષ પહેલા આ જ સ્થળે અવસાન થયું હતું અને તેમની સમાધિ પણ અહીં આવેલી છે. મહંતશ્રીના અવસાન બાદ તેમના વિધવા પત્નિ ૭૦ વર્ષિય મીરાંબેન ગોસ્વામી આ આશ્રમનું સંચાલન કરે છે. બચુબેન વણઝારા પણ આ આશ્રમમાં જોડાયેલા હોવાથી અવારનવાર આ આશ્રમમાં આવીને ભજન-કીર્તનમાં ભાગ લે છે. આ આશ્રમની આસપાસ હરેતા માથાભારે તત્વો અવારનવાર સંચાલિકા મીરાંબેનને આશ્રમનો કબજો લઈ તેની જમીન વેચી નાંખવા ડરાવે છે, ધમકાવે છે. આજે સોમવારના રોજ સવારે ૭ વાગે બચુબેન તથા મીરાંબેન આશ્રમમાં હાજર હતા ત્યારે આશ્રમની બાજુમાં રહેતા ફોજાજી વણઝારા અને જેઠાજી વણઝારાએ બોરીજ ગામના નટવરભાઈ ઠાકોર, ભલાભાઈ ઠાકોર, બાબુભાઈ ઠાકોર અને વાઘાજી ઠાકોર વગેરે મળીને અંદાજે ૨૫ થી ૩૦ માણસોના ટોળાને એકત્ર કરી રસોડાની દિવાલ કેમ બનાવો છો તેમ કહી સંચાલિકા મીરાંબેન અને બચુબેન પર લાકડીઓ, કુહાડીઓ અને ધારિયા સાથે હુમલો કર્યો હતો. અસસભ્ય શબ્દો ઉચ્ચારી બંને મહિલાઓને લાકડી, પાઈપથી માર મારી આ માથાભારે તત્વોના ટોળાએ હુમલો કર્યો હતો અને ધાકધમકી આપી ત્યાંથી ફરાર થઈ ગયા હતા. હાલમાં બંને ઘાયલ મહિલાઓ ગાંધીનગર સિવિલમાં સારવાર લઈ રહ્યા છે. હુમલો કરનાર માથાભારે તત્વોએ બોરીજ ગામમાં અનેક લોકોને ડરાવી ધમકાવી જમીનનો કબજો લઈ બારોબાર વેચી નાંખી છે. આ તત્વો સાથે કડક કાર્યવાહી કરવા બચુબેને માંગ કરી છે.

**બોરીજ ગામના માથાભારે તત્વો અને તેમના સાગરિતોના ટોળાએ બંને મહિલાઓને માર મારી, ધાકધમકી આપી લૂંટ ચલાવી**



**ખસના રોગથી પિડાતા ઊંટને સારવાર અપાઈ**

ગાંધીનગર-ચિલોડા હાઈવે પર આવેલ લેકાવાડા ગામના પાટિયા પાસે છેલ્લા ૧૫ દિવસથી ખસના રોગથી ઊંટ પિડાઈ રહ્યું હતુ. ત્યારે એક જીવદયા પ્રેમીએ અમદાવાદના હાથીજણ ખાતે પશુઓની સેવા કરતી સંસ્થાને ફોન કરતા મંડળના સેવાભાવિ કાર્યકરોએ ઊંટને રોગમાંથી મુક્ત કરવાની કામગીરી હાથ ધરી હતી.

# વાવોલની ૧૧ દિકરીઓને વળાવી ગ્રામજનોએ અનોખી સદ્‌ભાવનાના દર્શન કરાવ્યા

## ગામની ૧૧ ગરીબ પરિવારની દિકરીઓને ગ્રામવાસીએ પરણાવી : પૂ. મધૂસૂદનદાસજી મહારાજની પ્રેરણાથી ભાગવત કથા સપ્તાહના અંતિમ દિવસે હૃદયસ્પર્શી ઘટના સર્જાઈ : વિદાય ટાણે ભાવુક દશ્યો સર્જાયા : હજ્જારો ભાવિકોએ કથા સપ્તાહનો લ્હાવો લીધો

વાવોલ, તા.૩

વાવોલના આંગણે આજે ખૂબ જ પ્રેરણાદાયી અને હૃદયસ્પર્શી પ્રસંગ ઉજવાયો હતો. આ પ્રસંગમાં ગ્રામજનો દ્વારા ગામની ૧૧ ગરીબ પરિવારની દિકરીઓને ખૂબ જ ધામધૂમથી રંગેચંગે પરણાવી સાસરે વળાવવામાં આવી હતી. આ દિકરીઓનો સમૂહલગ્નોત્સવ તુલસી વિવાહના પવિત્ર દિવસે યોજાયો હતો.





(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગરના સૌથી નજીકના ગુડા વિસ્તાર વાવોલમાં છેલ્લા એક સપ્તાહથી રામધામ પ્રેરિત પૂ. મધુસૂદનદાસજી મહારાજની વ્યાસપીઠે શ્રીમદ ૧૦૮ ભાગવત કથા પ્રેમયજ્ઞ યોજાયો હતો. આ ભાગવત કથાનું સમાપન આજે તુલસી વિવાહના શુભ દિવસે યોજાયું હતું. આ સમાપન પ્રસંગે ભાગવતકથાના આયોજકો અને ગ્રામવાસીઓ દ્વારા વાવોલની ૧૧ ગરીબ પરિવારની દિકરીઓના સમૂહલગ્ન યોજી તેમને ધામધૂમથી પરણાવી સાસરે વળાવવાનું ખૂબ જ પવિત્ર અને આવકારદાયક કાર્ય હાથ ધર્યું હતું. આ કાર્ય દ્વારા ગ્રામવાસીઓએ ગામના ગરીબ પરિવારોના પડખે રહી તેમના માથેથી દિકરીને પરણાવવાની ચિંતા ઉપાડી લઈ ખૂબ જ સદભાવના અને સેવા ભાવપણાના દર્શન કરાવ્યા હતા. આ સમૂહ લગ્નોત્સવમાં માનવ મહેરામણ ઉમટી પડયો હતો અને કન્યાવિદાય ટાણે ભાવવાહી દશ્યો સર્જાયા હતા. આ સમૂહલગ્નોત્સવના કારણે જ આયોજકોએ ભાગવત કથા સપ્તાહને પ્રેમયજ્ઞનું નામ આપ્યું હતું.

છેલ્લાં એક સપ્તાહથી આયોજિત શ્રીમદ ૧૦૮ ભાગવત કથાનો હજ્જારો ભાવિકોએ ખુબ શ્રધ્ધાપૂર્વક લાભ લીધો હતો. આ ઉપરાંત આ કથા સપ્તાહ દરમિયાન યોજાયેલ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોને પણ વાવોલ તેમજ આસપાસના અનેક ગામો તેમજ ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાએ પણ માણ્યા હતા. આ કથા સપ્તાહ દરમિયાન વાવોલમાં અનેક ધર્મગુરુઓ, સાધુ-સંતો, મહંતો અને મહામંડલેશ્વરોના દર્શનનો લાભ પણ ગ્રામવાસીઓને મળ્યો હતો.

# મહાનગરપાલિકા દ્વારા તુટેલા બાંકડા હટાવવાની કામગીરી હાથ ધરાઈ

## બે દિવસ પહેલા મનપાના ચેરમેને આ બાબતે કમિશનરને ટકોર કરી હતી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના રહીશો માટે નગરમાં ઠેક ઠેકાણે બાંકડા મુકવામાં આવ્યા છે. પરંતુ આ બાંકડા જર્જરીત અને તુટી ગયેલ હોવાની ટકોર બે દિવસ અગાઉ મનપાના ચેરમેન આશિષ દવેએ કરી હતી. આજ સવારથી શહેરમાં તુટેલા બાંકડા હટાવવાની કામગીરી તંત્ર દ્વારા કરવામાં આવી હતી.



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

ગાંધીનગરમાં શહેરીજનોની સુવિધા માટે શહેરમાં અનેક જગ્યાએ બાંકડા મુકવામાં આવ્યા છે. દુર દુરથી આવતા નાગરિકો અને વટેમાર્ગુઓ થોડો સમય બેસી આરામ કરી શકે તે હેતુથી સેવાભાવી સંસ્થાઓ, મનપાના કાઉન્સિલરો દ્વારા બાંકડાની સુવિધા આપવામાં આવી છે. ત્યારે નગરમાં વર્ષોથી મુકાયેલા બાંકડા અને મનપા દ્વારા મુકવામાં આવેલા બાંકડા જે તે જગ્યાએ તુટીને વેરણ છેરણ થઈને પડયા છે. કેટલીક જગ્યાએ બાંકડાની મજબુતી માટે અંદર નાંખવામાં આવેલ સળિયા જીવલેણ બની શકે તેવી સ્થિતિમાં છે. જે મહાનગર પલિકાના ચેરમેન આશિષ દવેના ધ્યાને આવતા બે દિવસ અગાઉ તુટેલા બાંકડા હટાવવા મનપાના કમિશનરના ધ્યાને દોર્યું હતું.

શહેરમાં આજ સવારથી જ જેસીબી મશીન લઈને કાફલો સવારથી જ બાંકડા હટાવવાની કામગીરીમાં લાગી ગયો હતો. સવારથી શહેરમાં જુદી જુદી જગ્યાએ તુટેલી અને મૃતઃપાય હાલતમાં પડેલા બાંકડાને જેસીબી વડે હટાવવામાં આવ્યા હતા. મોટા મોટા પત્થરોવાળા બાંકડાને હટાવવામાં જેસીબી પણ ડામાડોળ થઈ જતું હતું.

આ કામગીરી હજુ આગળના સમયમાં પણ ચાલુ રાખવામાં આવશે અને નગરને તુટેલા બાંકડામાંથી મુકત કરવામાં આવશે. તુટેલા બાંકડા હટાવવાથી નાગરિકો પણ હર્ષની લાગણી અનુભવી રહ્યા છે.

# સેકટર-૫/એના મેદાનમાં અસામાજિક તત્વોના ઉપદ્રવ

ગાંધીનગર, તા. ૩

સેકટર-૫/એ શોપિંગ સેન્ટર પાસેના મેદાનમાં અસામાજિક તત્વોના ઉપદ્રવથી સેકટરના વસાહતીઓ પરેશાની ભોગવી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સેકટર-૫એ માં આવેલ શોપિંગ સેન્ટરની પાછળ આવેલ મેદાનમાં રોજ સાંજે અંધારૂ થતાંની સાથે અસામાજિક તત્વો દારૂની મહેફિલ યોજાતી રહેતી હોય છે. આ મેદાન સેકટર ૫એનાં વસાહતીઓ માટે શોપિંગ સેન્ટર જવાનું એક માત્ર ટૂંકો માર્ગ છે. રાત્રી દરમિયાન એકલ દોકલ મહિલાઓ અને પરિવાર સાથે નિકળતા લોકો માટે માથાનો દુખાવો બની રહ્યું છે. વધુમાં આ રસ્તા પરથી પસાર થતાં લોકોને આ અસામાજિક તત્વો દ્વારા અપશબ્દો વાપરતાં રહેતા હોય છે. જેથી આ સેકટરના લોકો માટે આ ચર્ચાનો વિષય બની રહ્યો છે.

અંધારાનો લાભ લેતા આ અસામાજિક તત્વોને ઓળખવા મુશ્કેલ બનતું હોય છે. અંધાર પટ્ટ ધરાવતા આ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ સાથે ફોકસ માટે ટોરેન્ટ પાવરમાં મૌખિક રજૂઆત કરતાં વસાહતીઓને આવી કોઈપણ પ્રકારની નીતિ કંપનીમાં છે નહિ. વધુમાં કોર્પોરેશન દ્વારા ઠેરઠેર સોલાર લાઈટ મૂકવા આવે છે પરંતુ આ મેદાનમાં કોઈપણ પ્રકારની લાઈટો લગાવામાં આવી નથી.

આ આવા અસામાજિક તત્વોમાં જો વધારો થતો રહેશો તો સેકટરમાં ચોરી, લૂંટ અને છેડતીના બનાવો વધવાની શકયતા રહેલી છે. આથી આવા તત્વો વિરુદ્ધ યોગ્ય કાર્યવાહી થાય અને અંધારપટ્ટ ધરાવતા આ મેદાનમાં પ્રકાશ સ્ત્રોત ઉભો થાય એવી આ સેકટરના વસાહિતીઓની ઈચ્છી રહ્યા છે.

## ખોડીયાર ગામે અજાણ્યા યુવાનનું ટ્રેન નીચે આવી જતા કરૂણ મોત

ગાંધીનગરના ખોડીયાર ગામ પાસે રાત્રીના સમયે પુરપાટ ઝડપે દોડી આવતી ટ્રેનની નીચે એક અજાણ્યો યુવાન કપાઈ જતા તેનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. આ સંદર્ભે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગર નજીક ખોરજ-ખોડીયાર રેલ-વે લાઈન પર છેલ્લા ઘણા સમયથી અનેક વ્યક્તિઓના કપાઈ જવાના કિસ્સાઓ વધી રહ્યા છે. ત્યારે ગત રોજ મોડી રાત્રે આવો જ વધુ એક કિસ્સો બનવા પામ્યો હતો. જેમાં અંદાજે ૪૫ વર્ષીય યુવાનનું કરૂણ મોત નિપજ્યું હતું. ધસમસતી ટ્રેનની અડફેટે મોતને ભેટનાર યુવાને શરીરે સિલેટીયા રંગનો શર્ટ અને કાળા રંગનું પેન્ટ પહેરેલું છે. જો કે હજુ સુધી આ અજાણ્યા યુવાનની કોઈ પણ પ્રકારની ઓળખ વિધિ થઈ નથી. પોલીસે આ અંગે ગુનો નોંધી તેના વાલીવારસની શોધખોળ શરૂ કરી છે.

## પેથાપુર વાઘેલા રાજપૂત સમાજના વય નિવૃત્ત કર્મચારીઓને સન્માનવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૩

પેથાપુરમાં આજે વાઘેલા રાજપૂત સમાજના વય નિવૃત્ત થયેલા આઠ કર્મચારીઓનો વિદાય સમારોહ યોજાયો હતો.

રાજ્ય સરકારમાં પેથાપુર રાજપૂત સમાજના આઠ કર્મચારીઓ સરકારમાંથી વય નિવૃત્ત થયા છે. રણજીતસિંહ એચ. વાઘેલા પ્રમુખ પેથાપુર રાજપૂત સમાજના અધ્યક્ષસ્થાને કર્મચારીઓનો સન્માન સમારોહ યોજાયો હતો. વય નિવૃત્ત પ્રવિણસિંહ વી. વાઘેલા, શંકરસિંહ જી. વાઘેલા, વિક્રમસિંહ એ. વાઘેલા, મહિપતસિંહ એચ. વાઘેલા, પ્રવિણસિંહ બી. વાઘેલા, વિક્રમસિંહ બી. વાઘેલા, દશરથસિંહ બી. વાઘેલા અને દિનુસિંહ ડી. વાઘેલાને સમારોહમાં શ્રીફળ પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. વય નિવૃત્ત કર્મચારીઓની કામગીરીની આ પ્રસંગે પ્રશંસા કરવામાં આવી હતી અને તંદુરસ્ત દિર્ઘાયુ માટે પ્રાર્થના કરી હતી. સમારોહમાં પેથાપુર નગરપાલિકા કારોબારી ચેરમેન રણજીતસિંહ વાઘેલા, માહિતી ખાતા કર્મચારી મંડળ, વર્ગ-૩ ના મહામંત્રી કે.જી. વાઘેલા સમાજના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અડાલજ નજીક મોડી રાત્રે બે ટ્રક વચ્ચે એક ટ્રકચાલક દબાઈ જતા કરૂણ મોત

ગાંધીનગર, તા. ૩

અડાલજ વેર હાઉસ પાસે માર્ગ પર મોડી રાત્રે ટ્રક રીપેર કરનાર ટ્રકચાલકને અન્ય એક ટ્રકના ચાલકે ટક્કર મારી હતી. આથી ટ્રક રીપેર કરનાર ટ્રકના ચાલકનું ગંભીર ઈજાઓના કારણે મોત થયું હતું. આ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર-અડાલડ માર્ગ પર વેરાહાઉસ પાસે રામનરેશ ઉર્ફે પપ્પુ રામ ગોપાલ શર્મા પોતાની ટ્રક પસાર થઈ રહ્યો હતો. અચાનક જ માર્ગ પર ટ્રક બંધ થઈ જતા ચાલક નીચે ઉતરીને કેબીન ખોલીને રીપેરીંગ કરી રહ્યો હતો. ત્યારે અચાનક જ આગળ પાર્ક કરેલ ટ્રકના ચાલકે ટ્રક રીવર્સ લેતા ટ્રક રીપેરીંગ કરતો ટ્રક ચાલક બે ટ્રક વચ્ચે દબાઈ જતા ગંભીર ઈજાઓ થવા પામી હતી. આથી ટ્રક ચાલક રામનરેશનું કરૂણ મોત થવા પામ્યું હતું.

આ અકસ્માત મૃતકના પરિવારજન પંચમસિંહ ગજેન્દ્રસિંહ તોમરે અજાણ્યા ટ્રકચાલક વિરૂદ્ધ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી ફરાર ટ્રકચાલકની શોધખોળ હાથ ધરી છે.



સેકટર-૩-ન્યુ નવરાત્રિ મહોત્સવ સમિતિ અને વસાહત મંડળ દ્વારા નવા વર્ષની સંધ્યાએ સ્નેહમિલન યોજવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

**સૂર્યોદય : ૬.૪૭**
**સૂર્યાસ્ત : ૫.૫૯**

## તાપમાન

**મહત્તમ : ૩૫.૦ ડિ.સે.**
**લઘુત્તમ : ૧૮.૫ ડિ.સે.**

## ભેજનું પ્રમાણ

**સવારે ૬૫ ટકા ● સાંજે ૪૯ ટકા**

## મનોરંજન

### સીટી પલ્સ

**: સ્ક્રીન-૧ :**
હેપ્પી ન્યુ ઈયર : ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦
**: સ્ક્રીન-૨ :**
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
સુપર નાની : ૧૨.૪૫, ૩.૩૦, ૧૦.૦૦
રોર : ૧૦.૦૦
**: સ્ક્રીન-૩ :**
ફુરી (અંગ્રેજી) : ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦
**: સ્ક્રીન-૪ :**
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
રોર : ૧.૩૦, ૧૦.૦૦
હૈદર : ૪.૦૦
કરંટ તીગા (તેલુગુ) : ૭.૦૦
**: સ્ક્રીન-૫ :**
સુપર નાની : ૧૨.૪૫, ૬.૪૫ ● રોર : ૩.૪૫
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
**: સ્ક્રીન-૬ :**
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦ ● રોર : ૧૦.૦૦
સુપર નાની : ૬.૩૦
હૈદર : ૪.૦૦

### સિનેમેક્સ

**: સ્ક્રીન-૧ :**
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૪૫, ૨.૩૦, ૬.૧૫, ૧૦.૦૦
**: સ્ક્રીન-૨ :**
હેપ્પી ન્યુ ઈયર :૯.૩૦, ૧.૧૫, ૫.૦૦, ૮.૪૫
**સ્ક્રીન-૩ :**
સુપર નાની : ૯.૧૫
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૦૦, ૩.૩૦, ૭.૧૫
રોર : ટાઈગર ઓફ સુંદરવન : ૧૧.૦૦
**સ્ક્રીન-૪ :**
રોર : ટાઈગર ઓફ સુંદરવન : ૯.૩૦, ૨.૫૦, ૮.૧૦
સુપર નાની : ૧૨.૦૫, ૫.૪૫, ૧૦.૪૫

### મૂવી પ્લેક્સ, કલોલ

**: સ્ક્રીન-૧ :**
હેપ્પી ન્યુ ઈયર : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૨ :**
સુપર નાની : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
રોર : ૧.૩૦, ૭.૩૦
**સ્ક્રીન-૩ :**
રોર : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
સુપર નાની : ૧.૧૫, ૭.૧૫

## આપની આજ

**મેષ** : આર્થિક સંપન્નતા વધશે. દઢ નિશ્ચયની પ્રવૃત્તિને કારણે કાર્યામાં વિજય પ્રાપ્ત થઈ શકે છે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**વૃષભ** : આર્થિક ઉન્નતિ થશે. મુશ્કેલીઓ દૂર થશે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે.

**મિથુન** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. અધિકારી તમારા કાર્યથી પ્રસન્ન થશે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

**કર્ક** : કોઈ નામી વ્યક્તિથી મુલાકાત થશે. ઉપહાર મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ઉન્નતિ થશે. આળથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે.

**સિંહ** : જ્ઞાનવૃદ્ધિ માટે સ્વાધ્યાયમાં રુચિ વધશે. ખાન-પાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. વ્યપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે.

**કન્યા** : વ્યાપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે.વિરોધીઓની તરફ ધ્યાન ન આપીને સ્વયં કાર્ય કરો. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે.

**તુલા** : દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે.

**વૃશ્ચિક** : સગા-સંબંધીઓથી મુલાકાત થશે. લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા જરાકમાં જ ઉકેલાઈ શકે છે. વ્યવસાયમાં વૃદ્ધિનો યોગ છે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો.

**ધન** : ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. આરોગ્ય સારું રહી શકશે. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે.

**મકર** : પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે. મકાન સંબંધી સમસ્યાનો સમાધાન થવાનો યોગ છે. ભૌતિક સુખ- સમૃદ્ધિ વધશે.

**કુંભ** : ભૂમિ-સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે.

**મીન** : અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળશે. નકામો તનાવ, મુશ્કેલી રહેવાની સંભાવના છે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર ગોતાજી માનાજી (ઉ.વ.૪૫) મુ.પો. ગીયોડ, તા.જી. ગાંધીનગર
- સ્વ. ચંદુજી કાળુજી વાઘેલા (ઉ.વ.૮૯) મુ.પો. લેકાવાડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. શણગારબા કેશુજી રાણા (ઉ.વ.૬૫) મુ.પો. મગોડી, તા.જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર કાશીબેન જેસંગજી (ઉ.વ.૬૨) મુ. વાસણા ચૌધરી, તા.દહેગામ, જી. ગાંધીનગર
- સ્વ. રમેશચંદ્ર ધનજીભાઈ નાયક (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૪૮૭/૧, સેકટર-૨બી, ગાંધીનગર
- સ્વ. કિશન બહાદુર સોનેર (ઉ.વ.૨૩) સેન્ટ્રલ યુનિ. ઓફ ગુજરાત, સેકટર-૨૯, ગાંધીનગર